નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એક્ટ, ૧૯૮૫ ની જોગવાઇ હેઠળ રાજ્ય સરકારની રિવોર્ડ પોલીસી જાહેર કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : નશધ/૧૦૨૦૧૯/૪૩૨/ઇ-૧

સચિવાલય, ગાંધીનગર,

તા. ૧૪/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા :**

(૧) પોલીસ મહાનિદેશકની કચેરી, સી. આઇ. ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગાંધીનગરનો તા.૧૨/૦૨/૧૯ નો પત્ર ક્રમાંક: એન.ડી.પી.એસ.સેલ/સી.આઇ.ડી.ક્રાઇમ/રિવોર્ડ પોલીસી/૭૩/૨૦૧૯

(૨) પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૨૨/૦૭/૨૦૨૧ નો પત્ર ક્રમાંક : CID Crime/NDPS cell/Reward Policy/૬૪૫/૨૦૨૧

(૩) ભારત સરકારના તા. ૧૦/૧૦/૨૦૧૭ ના પત્ર ક્રમાંક : N.13014/1/2015-NC-II સાથેની Guideline for Grant of Reward to informers and Government Servants, 2017

(૪) ભારત સરકાર, નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરોનો તા. ૨૫/૦૬/૨૦૯૦ નો પત્ર ક્રમાંક : XIV/1/Reward/Misc./Ops/2018

**આમુખ :**

ગુજરાત રાજ્યમાં નશાબંધીને લગતા ગુન્હાઓ નેસ્તનાબુદ કરવા એ રાજ્ય સરકારની અગ્રિમતા રહી છે. રાજ્યનું યુવાધન માદક દ્રવ્યોના નશાની ચૂંગલમાં ન ફસાય તે માટે માદક દ્રવ્યોની આવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે પોલીસના અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કેફી દ્રવ્યો અંગેની માહિતી આપનાર (બાતમીદાર) સામેના જોખમને જોતાં તેમને મળતા સામાન્ય ઇનામો કરતા ખાસ ઇનામ આપવામાં આવે તો માદક દ્રવ્યોની બદીને નાથવાના પ્રયત્નો વધુ ફળદાયી બની શકે છે. માદક દ્રવ્યોની હેરાફેરી, વેચાણ, સંગ્રહને લગતી પ્રવૃત્તિઓ અટકે તેવા પ્રયત્નો કરવામાં આવે, પોલીસનો ઉત્સાહ જળવાઇ રહે અને વધુ ખંતથી કામ કરે તેમજ આવી પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવાની રાજ્ય સરકારની નેમ ફળે તે હેતુથી કાયદાકીય જોગવાઇઓના આધારે તેમજ નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો, ન્યુ દિલ્હીની માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકારના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ અને બાતમીદારો માટે ખાસ ઇનામી યોજના બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રી કક્ષાએ પુખ્ત વિચારણાના અંતે, નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એક્ટ, ૧૯૮૫ ની જોગવાઇઓ હેઠળ શોધાયેલ ગુન્હામાં નીચે મુજબ રાજ્ય રિવોર્ડ પોલીસી અમલમાં લાવવાનું આથી, ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

**૧. નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલી જપ્તી માટેના રિવોર્ડની મંજૂરી માટે નીચે જણાવેલ ધોરણો ધ્યાને લેવાના રહેશે :**

(ક) એવા બાતમીદારો કે, જેમની બાતમીથી એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની જોગવાઈઓ, તે હેઠળના નિયમો તેમજ તે અંતર્ગત કરવામાં આવેલ આદેશ કે હુકમના ઉલ્લંઘન અંગે નોંધાયેલી ફરિયાદ અન્વયે, આ એક્ટથી અધિકૃત કરેલ કેન્દ્રીય અને રાજ્ય સરકારની એજન્સીઓ દ્વારા આવા કેફી પદાર્થોની જપ્તી કરવામાં આવી હોય અને આ એક્ટના ઉલ્લંઘન હેઠળ ગેરકાયદેસર સંપાદન કરેલી મિલકતને સરકારશ્રી ખાતે દાખલ કરવામાં આવી હોય.

(ખ) કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/સંઘ પ્રદેશમાં એન.ડી.પી.એસ. એક્ટની જોગવાઈઓ અન્વયે અધિકૃત કર્મચારીઓ/અધિકારીઓ કે જેમણે આ એક્ટ હેઠળ ગેરકાયદેસર પ્રાપ્ત કરેલી મિલકતોની જપ્તી/મિલકતને સરકાર દાખલ કરી હોય તેમજ એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ હેઠળની જોગવાઈઓ, નિયમો અને રાજ્ય સરકાર કે ભારત સરકાર તરફથી કરેલા આદેશોનું ઉલ્લંઘન કરેલ હોય, તે બાબતમાં સફળતા પૂર્વક જપ્તી, ફરિયાદ, તપાસ તથા કોર્ટ કાર્યવાહી કરેલ હોય.

(ગ) કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના વિભાગોના અન્ય અધિકારીઓ/કર્મચારીઓ કે જેમણે એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની જોગવાઈ/નિયમો અથવા આદેશોના ઉલ્લંઘનની તપાસ કરવામાં મદદ કરી હોય.

**૨. રિવોર્ડની મંજૂરીને નિયંત્રિત કરતા સિદ્ધાંતો :**

૨.૧ રાબેતા મુજબની બાબત તરીકે રિવોર્ડ મંજૂર કરવામાં આવશે નહી. રિવોર્ડ સંપૂર્ણપણે Ex-Gratia/ઇનામ ચુકવણી છે. આ ઠરાવની જોગવાઈઓને આધીન પ્રત્યેક કેસની હકીકત અને સંજોગોને ધ્યાનમાં લઈને સક્ષમ સત્તાતંત્ર આવા રિવોર્ડને મંજુર કરી શકશે. કોઈ વ્યકિત દ્વારા હક્કની રૂએ આવા રિવોર્ડ માટે દાવો કરી શકાશે નહીં.

૨.૨ રિવોર્ડ મંજૂર કરવા અંગેનો નિર્ણય લેતી વખતે રિવોર્ડ આપવા સક્ષમ સત્તાતંત્રએ નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે:

૨.૨(૧) **માહિતી/બાતમી એકત્ર કરવાના કિસ્સામાં:**

બાતમીદારે આપેલ બાતમીના આધારે કરવામાં આવેલ જપ્તીના સંદર્ભમાં માહિતીની વિશિષ્ટતા અને ચોકસાઈ, લેવામાં આવેલ જોખમ, તકલીફો, બાતમીદારે કરેલ મદદ અને તેનું પ્રમાણ, માહિતી/બાતમી, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના પદાર્થોની હેરાફેરીમાં સંકળાયેલ વ્યકિતઓ અને ટોળકીઓની કડી આપે છે કે કેમ?

૨.૨(૨) **સરકારી અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા જપ્તી/શોધ/ફરિયાદ કરવામાં આવી હોય એવા કિસ્સામાં :**

સફળ જપ્તી અને ઊંડી શોધ/તપાસ કરવામાં અને એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની જોગવાઈઓના ભંગને પુરવાર કરવામાં અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા કરાયેલા ખાસ પ્રયત્નો,

માહિતીની ચોકસાઈ અને વિશિષ્ટતા, કામગીરીમાં લીધેલું જોખમ, માહિતી મેળવવામાં પડેલી મુશ્કેલી, અધિકારી/કર્મચારીઓની સતર્કતા, વિશિષ્ટ પહેલ, કેફી પદાર્થો મેળવવા અંગે દર્શાવેલી ચતુરાઈ, પ્રયત્નો અને કુશળતાનો સમાવેશ કરવાનો રહેશે. માલિકો/આયોજકો/નાણા પૂરા પાડનારાઓ/ કાવતરાખોરો તેમજ હેરફેર કરનારાઓની ધરપકડ થઈ છે કે કેમ? તે ધ્યાને લેવાનું રહેશે. આ રિવોર્ડ સબંધિત કેસ જે-તે કેસ પુરતો જ સિમિત હોવો જોઈએ. તેને એકસમાન કાર્યપદ્ધતિના આધારે અન્યત્ર/અન્ય પક્ષકારોની સામેના કેસ સાથે જોડવાનો રહેશે નહીં.

**૨.૨(૩) રિવોર્ડની સોંપણી (રિવોર્ડની તબદીલી અને બાતમીદાર, સરકારી અધિકારી/કર્મચારીના મૃત્યુના કેસમાં રિવોર્ડની ચુકવણી):-**

આ માર્ગદર્શિકા હેઠળના રિવોર્ડ સંપૂર્ણપણે Ex-Gratia/ઇનામ ચુકવણી પ્રકારના હોઈ, તબદીલીને પાત્ર રહેશે નહીં. તેમ છતાં, બાતમીદાર/અધિકારીઓ/કર્મચારીઓના મૃત્યુના કેસમાં, રિવોર્ડ મંજૂર કરનારા સક્ષમ સત્તાધિકારી, બાતમીદાર/અધિકારીઓ/કર્મચારીઓના કાયદેસરના વારસદાર અથવા નામ-નિયુક્તોને બાતમીદાર/અધિકારીઓ/કર્મચારીને, તેઓ જીવતા હોય અને જે રકમ ચૂકવવાપાત્ર થતી હોય તેનાથી વધુ નહીં એટલી રકમનો રિવોર્ડ મંજૂર કરી શકશે.

**૨.૨(૪) અમુક કેસમાં સરકારી અધિકારીઓ/કર્મચારીઓને રિવોર્ડની મનાઈ :**

કોઈપણ સરકારી અધિકારી/કર્મચારી/સ્થાનિક સત્તાતંત્ર/પી.એસ.યુ.ના કર્મચારી, નગરપાલિકા/મંડળના કર્મચારી, નિગમ અથવા સરકારની માલિકીની કંપની અથવા રાષ્ટ્રીય બેંકના કર્મચારી તેની સામાન્ય ફરજના ભાગ રૂપે મેળવેલા પુરાવા રજૂ કરે તો તે રિવોર્ડને પાત્ર ગણાશે નહીં.

**૩. સરકારી અધિકારીઓ/કર્મચારીઓને રિવોર્ડ આપવા માટેની પાત્રતા :**

૩.૧ સામાન્ય રીતે, ઉક્ત ફકરા ૧ (ખ) અને (ગ) માં નિયત કર્યા અનુસાર, પે-મેટ્રિક્સ ૧ થી ૧૩ સુધીની કક્ષામાં પગાર લેતા સરકારી અધિકારીઓ/કર્મચારીઓ, ફકરા ૩.૨ માં જણાવ્યા પ્રમાણેની શરતોને આધીન રહીને બાતમી એકત્ર કરવામાં, જાપ્તો રાખવામાં, જપ્તી કરવામાં અને જપ્તી પછીની તપાસમાં કોર્ટ કાર્યવાહી તરીકેની તેમજ વ્યક્તિગત હેસિયતથી તેમણે આપેલા યોગદાનના આધારે રિવોર્ડ માટે પાત્ર રહેશે.

૩.૨ પે-મેટ્રિક્સ ૧ થી ૧૩ હેઠળ આવતા સરકારી અધિકારીઓ/કર્મચારીઓ, દરેક કેસમાં બાતમી એકત્ર કરવામાં, જાપ્તો રાખવામાં, જપ્તી કરવામાં અને જપ્તી પછીની તપાસમાં તેમજ કોર્ટ કાર્યવાહીની એક ટીમ તરીકે તેમજ વ્યક્તિગત હેસિયતથી તેમણે આપેલા યોગદાનના આધારે રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદાને આધીન રિવોર્ડ માટે પાત્ર રહેશે. પોલીસ તથા અન્ય વિભાગો તથા અન્ય એજન્સીઓમાં કામ કરતા સરકારી કર્મચારીઓ/અધિકારીઓ પણ એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ આ એજન્સીઓ દ્વારા ગેરકાયદેસર મિલકત જપ્તી, તપાસ, કોર્ટ કાર્યવાહીના કેસમાં આ રિવોર્ડની મંજુરી માટે વિચારણામાં લેવામાં આવશે. આમ છતાં, આ વિભાગો/એજન્સીઓના અધિકારીઓ કે જે પે-મેટ્રિક્સ ૧ થી ૧૩ અથવા સમકક્ષ પગાર મેળવતા હોય તેઓ ફકરા ૩.૧ અને ૩.૨ ની બાબતમાં રિવોર્ડની મંજૂરી માટે વિચારણામાં લેવામાં આવશે.

3.3 આવા ગુન્હાની તપાસ પછીની કામગીરીમાં રોકાયેલા, પે-મેટ્રિક્સ ૧ થી ૧૩ કક્ષાના સરકારી અધિકારીઓ/કર્મચારીઓ સુધીના દરેક કેસમાં તેમણે ભજવેલી ભૂમિકાના આધારે ઉચ્ચક રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદાને આધીન રિવોર્ડ માટે ધ્યાનમાં લેવામાં આવશે. વધુમાં વિવિધ

સુનાવણી, અદાલતી કાર્યવાહી (ટ્રાયલ કોર્ટ), કાનૂની અથવા અન્ય કાર્યવાહીમાં જપ્ત કરેલા પ્રતિબંધિત માલસામાનને સરકારશ્રી ખાતે દાખલ કરવો વગેરે જેવા અગત્યના નિર્ણયો લાવવામાં ચુકાદાને આખરી રૂપ આપતી વિશિષ્ટ કામગીરીને ધ્યાનમાં લેવાની રહેશે.

## ૪. રિવોર્ડનું પરિમાણ અને ટોચમર્યાદા :

૪.૧ એન.ડી.પી.એસ. એક્ટ–૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરેલા પદાર્થોની જે–તે સમયની ગેરકાયદેસર કિંમતના ૨૦% સુધીની રકમ રિવોર્ડને પાત્ર રહેશે.

૪.૨ એન.ડી.પી.એસ. એક્ટ–૧૯૮૫ની જોગવાઈઓ તેમજ રાજ્ય સરકાર તથા ભારત સરકાર આ એક્ટ હેઠળ કરેલા હુકમોના ભંગ બદલ જપ્ત કરેલા કેફી પદાર્થ અને મનોપ્રભાવી દ્રવ્યોની બાબતમાં રિવોર્ડની એકંદર ટોચમર્યાદા આ ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨માં દર્શાવેલા ખાસ સુધારેલા દર અનુસારની રહેશે. આવા કેફી પદાર્થ અને મનોપ્રભાવી દ્રવ્યોની યાદી અને તે માટેના રિવોર્ડની ટોચમર્યાદા અંગેની બાબત એન.સી.બી./સી.બી.એન./ડી.આર.આઈ. દ્વારા જરૂર જણાયે સુધારા માટે ભારત સરકારના મહેસૂલ વિભાગને રજૂ કરવામાં આવતા હોય છે. આ એજન્સીઓ દ્વારા ભારત સરકારના પરામર્શમાં જે કોઈ સુધારા જે–તે સમયે કરવામાં આવે તેવા તમામ સુધારા સમયાંતરે રાજ્ય સરકારની આ રિવોર્ડ પોલીસીને યથાવત લાગુ પડવાપાત્ર રહે છે.

૪.૩. સરકારી અધિકારીઓ/કર્મચારીઓ તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન રૂ.૨૦ લાખથી વધુ નહીં એટલી રકમના રિવોર્ડની મંજૂરી/ચુકવણી માટે પાત્ર રહેશે. એક જ કેસમાં રિવોર્ડની બાબતમાં વ્યક્તિગત અધિકારી/કર્મચારીને કુલ રૂ. ૨ લાખથી વધુ રકમનો રિવોર્ડ(પેશગી–એડવાન્સ અને આખરી રિવોર્ડ મળીને) મંજૂર કરી શકાશે નહીં. તેમ છતાં, ખાસ કિસ્સામાં એપેક્સ સમિતિના પરિશિષ્ટ–૩ માં ઉલ્લેખ કરેલી સમિતિ દ્વારા યથાપ્રસંગે, એક અધિકારી/કર્મચારીને આ મર્યાદાથી વધુ રકમ, એટલે કે રૂ. ૨ લાખથી વધુ રકમનો રિવોર્ડ મંજૂર કરી શકાશે.

૪.૪ ખાનગી વ્યક્તિઓ (બાતમી, શોધ–જપ્તી–તપાસ અને તપાસ પછીની કામગીરીને લગતી કચેરી કામગીરીમાં રોકાયેલી) માટેના આ રિવોર્ડની રકમની મર્યાદા કેસ દીઠ નિયત રૂ. ૨,૫૦૦/– રહેશે.

## ૫. પેશગી–એડવાન્સ અને વચગાળાના રિવોર્ડની ચુકવણી :

૫.૧ બાતમીદારો અને સરકારી અધિકારીઓ/કર્મચારીઓને પકડાયેલા કેફી પદાર્થોના રાસાયણિક વિશ્લેષણ અહેવાલ મળ્યા પછી તાત્કાલિક કુલ મળવાપાત્ર રિવોર્ડના ૫૦% સુધીના પેશગી–એડવાન્સ અને વચગાળાના રિવોર્ડની ચુકવણી કરવામાં આવશે.

## ૬. રિવોર્ડ સમિતિની રિવોર્ડ સમજૂતીની મંજૂરી/ચુકવણી માટેની સત્તા સોંપણી :

૬.૧ બાતમીદારો અને સરકારી અધિકારીઓ/કર્મચારીઓને રિવોર્ડની મંજૂરી માટેની નાણાકીય મર્યાદા પરિશિષ્ટ–૩ માં જણાવ્યા મુજબની રહેશે.

## ૭. સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર કરવામાં આવેલા આખરી રિવોર્ડની સમીક્ષા :

૭.૧ રિવોર્ડ મંજૂર કરતી અધિકૃત સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા રિવોર્ડની સમીક્ષા કે ફેરવિચારણા કરવામાં આવશે નહીં. તેમ છતાં, કોઇ અપવાદરૂપ કિસ્સામાં કોઈ બાતમીદાર, અધિકારી/ કર્મચારીને ગંભીર અન્યાય થયો હોય તેમ માનવાને કારણો હોય અને તેની સમીક્ષા કરવાપાત્ર

જણાય તો અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) એપેક્સ સમિતિને તદાનુસારની ભલામણ કરે ત્યારે એપેક્સ સમિતિ અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની ખાસ ભલામણથી આખરી રિવોર્ડની સમીક્ષા કરી શકશે.

૭.૨ આ રિવોર્ડ Ex-Gratia/ઈનામ ચુકવણી હોવાથી વિભાગના વડા મંજૂર થયેલા રિવોર્ડની સામે બાતમીદાર, અધિકારીઓ/ કર્મચારીઓની માત્ર એક જ રજૂઆત ધ્યાનમાં લેશે, અને તેઓને યોગ્ય લાગે તો તે ભલામણો સાથે એપેક્સ સમિતિને આ રજૂઆત મોકલશે. એપેક્સ સમિતિ આ ભલામણની સમીક્ષા કરશે. બાતમીદાર અધિકારી/કર્મચારી અથવા તેના વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા રિવોર્ડની મંજૂરીને લગતા નિર્ણયની સામે એક થી વધુ રજૂઆતો કે અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## ૮. સરકારી અધિકારીઓ/કર્મચારીઓને મંજૂર થયેલા રિવોર્ડના નિયમનની પદ્ધતિ :

૮.૧. સરકારી અધિકારીઓ/કર્મચારીઓ તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન કુલ રિવોર્ડના રૂ.૨૦ લાખની ટોચમર્યાદા ઓળંગી ન જાય તે સુનિશ્ચિત કરવા માટે તેઓને આપવાપાત્ર તમામ રિવોર્ડની નોંધ તેમને રિવોર્ડ આપતા પહેલા તેઓની સેવાપોથીમાં કરવાની રહેશે.

૮.૨ રિવોર્ડની રકમ મંજુર કરવાની બાબતમાં વિભાગના વડાએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, જપ્તીના સમયે મુદ્દામાલની નિયત કરેલી કિંમત, વાસ્તવિક અને જપ્ત કરેલા મુદ્દામાલની ખરી કિંમત દર્શાવતી હોય.

૮.3 સરકારી અધિકારીઓ/કર્મચારીઓના અમુક નાના જૂથને જ રિવોર્ડ આપવામાં ન આવે તેની ખાતરી કરવા સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વધુ મોટા જૂથને જપ્તી, તપાસ તેમજ કોર્ટ કાર્યવાહીની કામગીરીમાં કામ કરવાની તક આપવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

## ૯. બાતમીદારની બાંહેધરી :

૯.૧ જ્યારે કોઈ બાતમીદાર કોઈ માહિતી કે દસ્તાવેજો રજૂ કરે ત્યારે બાતમીદાર પાસેથી બાંહેધરી લેવી જોઈશે કે તેઓ જાણે છે કે, રિવોર્ડનું પ્રમાણ તેઓએ આપેલી માહિતીની ચોકસાઈ ઉપર આધાર રાખે છે. ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૭, ૧૮૨ અને ૨૧૧ તેમણે વાંચી છે, અથવા તેમને સમજાવવામાં આવી છે કે, તેમણે આપેલી માહિતી ખોટી જણાય તો તેઓ ઉપર નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. તેઓ હકની રુએ રિવોર્ડનો દાવો કરશે નહીં. બાતમીદાર, અધિકારી/કર્મચારીને મંજૂર કરવામાં આવતા રિવોર્ડની રકમ આ ઠરાવના ફકરા ક્રમાંક ૨, ૪, ૫ અને ૬માં નિયત થયેલ જોગવાઇઓ મુજબની રહેશે.

## ૧૦. બાતમીદાર માટે રિવોર્ડ :

૧૦.૧ સરકારી અધિકારી/કર્મચારી જો બાતમીદારની ભુમિકામાં હોય તો કોઈ એક કેસ માટે મળવાપાત્ર રકમના પ્રમાણમાં રિવોર્ડની રકમથી સ્વતંત્ર રિવોર્ડ મેળવવા હકદાર રહેશે.

૧૦.૨ બાતમીદારને આપવાપાત્ર રિવોર્ડ મંજૂર કરતી વખતે સંબંધિત અધિકારી દ્વારા બાતમીદાર પાસેથી માહિતીનો નોંધેલો સાર બિડવો જોઈશે અને નીચેના પરિબળો ધ્યાનમાં રાખવા જોઈશે.

૧) માહિતીની ચોકસાઈ.

૨) સંકળાયેલા જોખમનું પ્રમાણ.

3) બાતમીદારે કરેલી મદદનું પ્રમાણ અને પ્રકાર.

૪) સંકળાયેલી વ્યક્તિઓની અને માહિતીની કડી (લીંક) આપે છે કે કેમ ?

**૧૧. વર્ષ દરમિયાન આપવાપાત્ર રિવોર્ડની રકમ માટે થનાર ખર્ચ જે–તે વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી નીચેના સદરે ઉધારવાનો રહેશે.**

માંગણી ક્રમાંક – ૪૩
મુખ્ય સદર – ૨૦૫૫ – પોલીસ
પેટા મુખ્ય સદર – ૦૦
ગૌણ સદર – ૧૦૯ – જિલ્લા પોલીસ
પેટા સદર – ૦૧ – એમઇપી – ૬ જિલ્લા પોલીસ ખુદ
હેતુ સદર – ૦૫૦૦ રિવોર્ડ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સમીર જોષી)**
નાયબ સચિવ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય,ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી. આઇ. ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, નશાબંધી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

  (વિભાગની વેબસાઇટ પર મૂકવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

### કેફી પદાર્થની(ગેરકાયદેસર અફીણ, અફીણના પાક) જપ્તી માટેના રિવોર્ડના દર

| ક્રમ | ચીજવસ્તુઓ | રિવોર્ડનો મહત્તમ સૂચિત દર (કિ.ગ્રા.દીઠ રૂ.) | નિર્દિષ્ટ શુદ્ધતા |
|---|---|---|---|
| ૧ | અફીણ (ઓપિયમ) | રૂ.૬,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | સ્ટાન્ડર્ડ ઓપિયમ |
| ૨ | મોર્ફિન બેઝ અને તેના સોલ્ટસ | રૂ. ૨૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | એન્હાયડ્રોસ મોર્ફિનના ૯૦% અથવા વધુ |
| ૩ | હેરોઈન તેના સોલ્ટ્સ | રૂ. ૧,૨૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ડાય એસિટાઈલ મોર્ફિનના ૯૦% અથવા વધુ |
| ૪ | કોકેઈન અને તેના સોલ્ટ્સ | રૂ.૨,૪૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | એન્હાયડ્રોસ મોર્ફિનના ૯૦% અથવા વધુ |
| ૫ | હશીશ | રૂ. ૨,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ૪% ટીએચસીના ઘટક અથવા તેથી વધુ સાથે |
| ૬ | હશીશ તેલ | રૂ. ૧૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ટીએચસીના ઘટક ૨૦% અથવા તેથી વધુ સાથે |
| ૭ | ગાંજો | રૂ. ૬૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ગાંજા તરીકે વ્યાપારી ધોરણે સ્વીકાર્ય હોવું જોઈએ. |
| ૮ | મેન્ડ્રેક્સ ટેબ્લેટ | રૂ. ૨,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | મિથેક્વોલોનની હાજરી |
| ૯ | એમ્ફિટેમાઈન, તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | રૂ. ૨૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ઘટાડેલી શુદ્ધતા માટે ઘટાડાના ભાગે પડતા પ્રમાણે શુદ્ધ ૧૦૦% એટીએસ |
| ૧૦ | મિથેમ્ફિટેમાઈન તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | રૂ. ૨૦,૦૦૦/- (હાલની ગેરકાયદેસર કિંમતના ૨૦%) | ઘટાડેલી શુદ્ધતા માટે ઘટાડાના ભાગે પડતા પ્રમાણે શુદ્ધ ૧૦૦% એટીએસ |
| ૧૧ | એક્સ્ટેસી અથવા મિથિલીન ડાયોક્સિ મિથેમ્ફિટેમાઇન (એમડીએમએ) | રૂ. ૧૫,૦૦૦/૧,૦૦૦ ટેબ્લેટ (હાલની ગેરકાયદેસર કિંમતના ૧૦%) | એમડીએમએની હાજરી |
| ૧૨ | લિસર્જિક એસિડ ડાયઈથાઈલેમાઈડ (એલએસડી) | રૂ.૩૦/ બ્લોટ (હાલની ગેરકાયદેસર કિંમતના ૧૦%) | એલએસડીની હાજરી |
| ૧૩ | ગેરકાયદેસર અફીણ ડોડાના પાકનો નાશ | રૂ. ૧૦,૦૦૦/હેક્ટર | |
| ૧૪ | ગેરકાયદેસર ગાંજા (કેનાબીઝ)ના પાકનો નાશ | રૂ. ૧૦,૦૦૦/હેક્ટર | |
| ૧૫ | પોપી સ્ટ્રો | રૂ. ૨૪૦/-(હાલની સ્ટ્રીટ પ્રાઈસના ૨૦%) | |

નોંધ :-

(૧) ક્રમાંક નં. ૧૩ અને ૧૪ માટે મહત્તમ રિવોર્ડ વ્યક્તિગત અધિકારી માટે નહીં પરંતુ સમગ્ર ટુકડી માટે ગણવામાં આવશે.

(૨) ઉપર નિર્દિષ્ટ કર્યા મુજબના પ્રમાણથી ઓછી શુદ્ધતા હોય તો રિવોર્ડ તે મુજબના પ્રમાણમાં ઘટાડવામાં આવશે.

## પરિશિષ્ટ-૨

## મનોપ્રભાવી દ્રવ્ય (સિંથેટીક ડ્રગ્સ) જપ્તી માટેના રિવોર્ડના દર

| ક્રમ | ચીજવસ્તુઓ (નિયંત્રિત, મનોપ્રભાવી પદાર્થો/સિન્થેટિક) | રિવોર્ડનો મહત્તમ સૂચિત દર કિ.ગ્રા.દીઠ રૂ. | નિર્દિષ્ટ શુદ્ધતા |
|---|---|---|---|
| ૧ | એફેડ્રિન, તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | કિ. ગ્રા. દીઠ રૂ. ૨૮૦/- | ૧૦૦ % |
| ૨ | સ્યુડો- એફેડ્રિન, તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | કિ. ગ્રા. દીઠ રૂ. ૪૮૦/- | ૧૦૦ % |
| ૩ | એસેટિક એન્હાડ્રાઈડ | લિ. દીઠ રૂ. ૧૦/- | ૧૦૦ % |
| ૪ | કેટામાઈન, તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | કિ. ગ્રા. દીઠ રૂ. ૭૦૦/- | ૧૦૦ % |
| ૫ | એન્થ્રેનિલિક એસિડ | કિ. ગ્રા. દીઠ રૂ. ૪૫/- | ૧૦૦ % |
| ૬ | એન- એસેટાઈલ એન્થ્રેનિલિક એસિડ | કિ. ગ્રા. દીઠ રૂ. ૮૦/- | ૧૦૦ % |
| ૭ | ડાયઝાપામ અને તેના ઉત્પાદનો | ૫ મિ.ગ્રા.ની ટેબલેટ દીઠ રૂ. ૦.૫૩ | ૧૦૦ % |
| ૮ | અલ્પ્રાઝોલેમ અને તેના ઉત્પાદનો | ૫ મિ.ગ્રા.ની ટેબલેટ દીઠ રૂ. ૦.૨૦ | ૧૦૦ % |
| ૯ | લોરાઝાપામઅને તેના ઉત્પાદનો | ૫ મિ.ગ્રા.ની ટેબલેટ દીઠ રૂ. ૦.૨૯૬ | ૧૦૦ % |
| ૧૦ | એલ્પ્રેક્સ, તેના ઉત્પાદનો | ૫ મિ.ગ્રા.ની ટેબલેટ દીઠ રૂ. ૦.૫૨ | ૧૦૦ % |
| ૧૧ | બ્યુપ્રેનોર્ફેન/ટિડાયજેસિક અને તેના ઉત્પાદનો | કિ. ગ્રા. દીઠ રૂ. ૨૫,૦૦૦/- | ૧૦૦ % |
| ૧૨ | ડેક્સ્ટ્રોપ્રોપોક્ઝિફેન, તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | કિ. ગ્રા. દીઠ રૂ. ૨૮૮૦/- | ૧૦૦ % |
| ૧૩ | ફોર્ટવિન તેના સોલ્ટસ અને તેના ઉત્પાદનો | ૩૦ મિ.ગ્રા.ના વાયલ દીઠ રૂ. ૧.૦૪૪/- | ૧૦૦ % |

નોંધ :- ઉપર નિર્દિષ્ટ કર્યા મુજબના પ્રમાણથી ઓછી શુદ્ધતા હોય તો રિવોર્ડ તે મુજબના પ્રમાણમાં ઘટાડવામાં આવશે.

## પરિશિષ્ટ–૩
## રિવોર્ડ મંજુર કરવા માટેની સમિતિ

| કેસ દીઠ દરેક અધિકારી/કર્મચારી માટે નાણાકીય મર્યાદા(રૂ.) | કેસ દીઠ બાતમીદાર માટે નાણાકીય મર્યાદા(રૂ.) | રિવોર્ડ મંજૂર કરતા સત્તાધિકારી |
|---|---|---|
| રૂ. 30,000/- સુધી | રૂ. 60,000/- | ૧. ડી.જી.પી. (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.<br>૨. ડી.જી.પી. એ.ટી.એસ. ગુજરાત રાજ્ય, અમદાવાદ. |
| રૂ. 30,000/- થી વધુ રૂ. એક લાખ સુધી | રૂ. 60,000/- થી વધુ રૂ. બે લાખ સુધી | ૧. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ કક્ષાના અધિકારી<br>૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત<br>ગુજરાત<br>રાજ્ય, ગાંધીનગર.<br>૩. ડી.જી.પી., સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.<br>૪. ડી.જી.પી., એ.ટી.એસ. ગુજરાત રાજ્ય, અમદાવાદ. |